# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-02-2025** **Midday : 2.30 to 2.35pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM NAVSARI

નવસારી જિલ્લાના જલાલપોરના કરાડીમાં રાષ્ટ્રીય શાળા ભારત વિદ્યાલયના શતાબ્દી મહોત્સવનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે રાષ્ટ્રહિત પ્રથમના ભાવ સાથે આ શાળાની હાલની પેઢી 2047ના વિકસિત ભારતના નિર્માણ માટે વિકસિત ગુજરાતનું ચાલકબળ બનશે. તેમણે ઉમેર્યું કે કરાડી ગામ સ્વતંત્રતા સંગ્રામનો મહત્વનો પડાવ છે.

**(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ – મુખ્યમંત્રી)**

# CM - VADODARA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે વડોદરાના નવલખી મેદાન ખાતેથી વડોદરા આંતરાષ્ટ્રીય મેરેથોનની ૧૨મી આવૃત્તિનો પ્રારંભ કરાવ્યો અને મેરેથોનમાં જોડાયેલા ૧.૨૦ લાખ નાગરિકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો. દિવ્યાંગો, વરિષ્ઠ નાગરિકો પણ આ મેરેથોનમાં જોડાયા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું કે, આ વખતે ખેલ મહાકુંભમાં ૭૧ લાખ જેટલા રમતવીરોએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા નોંધણી કરાવી છે. અને આ રાજ્યના લોકોનો રમત પ્રત્યેનો ઉમંગ-ઉત્સાહ દર્શાવે છે.

વડોદરા આંતરાષ્ટ્રીય મેરેથોનની સાથે અહીં ઉપસ્થિત હજારો દોડવીરોએ એક સાથે માર્ગ સુરક્ષાના શપથ ગ્રહણ કર્યા હતા અને તેની નોંધ વર્લ્ડ બૂક ઓફ રેકોર્ડ લંડન દ્વારા લેવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીના હસ્તે આ વિશ્વવિક્રમનું પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.

# DANG ACCIDENT

ડાંગના સાપુતારાની તળેટીમાં ધાર્મિક પ્રવાસે જઇ રહેલી ખાનગી બસને અકસ્માત નડ્યો હતો. આ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા હતા. જ્યારે 24 લોકો ઇજાગ્રસ્ત થયા. આ અંગે ડાંગના કલેકટર મહેશ પટેલે વધુ માહિતી આપતા આ મુજબ જણાવ્યું.

(બાઈટ: મહેશ પટેલ - જિલ્લા કલેકટર ડાંગ)

# ARAVALLI E-SEWA KENDRA

તાલુકા અને જિલ્લાની અદાલતોમાં ઇ-સેવા કેન્દ્ર શરૂ કરવા માટે નિર્દેશોને પગલે અરવલ્લી જિલ્લાના મોડાસાની જિલ્લા અદાલત ખાતે ઇ સેવા કેન્દ્રનો આરંભ કરાયો. આ પ્રસંગે અદાલતના ન્યાયાધીશ, વકીલો અને બાર કાઉન્સિલના હોદ્દેદારો હાજર રહ્યા. આ અંગે અરવલ્લી જિલ્લાના મુખ્ય ન્યાયાધીશે માહિતી આપી ..

**(બાઈટ: એ. એન. અંજારિયા, મુખ્ય જિલ્લા ન્યાયાધીશ, અરવલ્લી)**

# MAHAKUMBH NEWS BUS

ગુજરાતના શ્રદ્ધાળુઓને મહાકુંભમાં આસ્થાની પવિત્ર ડુબકી માટે રાજ્ય સરકારે વધુ પાંચ બસ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. 4 ફેબ્રુઆરીથી સુરતથી વધુ 2, અમદાવાદ, વડોદરા અને રાજકોટથી વધુ એક-એક બસ શરુ કરવામાં આવશે. આ બસોમાં પ્રતિ વ્યક્તિ પેકેજ, અમદાવાદથી 7 હજાર 800 રૂપિયા , સુરતથી 8 હજાર 300 રૂપિયા , વડોદરાથી 8 હજાર 200 રૂપિયા તથા રાજકોટથી 8 હજાર 800 રૂપિયા નક્કી કરાયું છે. આ નવી બસનું ઓનલાઇન બુકિંગ આજે તારીખ સાંજે 5 કલાકથી એસ.ટી નિગમની વેબસાઈટ gsrtc.in પરથી થઇ શકશે.

# JUNAGADH - AAROHAN AVROHAN

જૂનાગઢમાં આજે 17મી રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાઇ હતી. 20 રાજ્યના 570 સ્પર્ધકો વચ્ચે યોજાયેલી આ સ્પર્ધામાં સિનિયર વિભાગના ભાઈઓમાં ઉત્તરખંડના દિગંબર સિંગે પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતું. જ્યારે જુનિયર વિભાગમાં ઉત્તર પ્રદેશના બબલુ સિસોદિયા પ્રથમ સ્થાને રહ્યા હતા. અમારા જુનાગઢ જિલ્લાના પ્રતિનિધી સંજીવ મેહતાના જણાવ્યા મુજબ બહેનો માટે માળી પરબ શિખર સુધીની 2 હજાર 200 પગથિયાની સ્પર્ધા યોજાઈ હતી, જેમાં ઉત્તર પ્રદેશની તામસીસિંગે સતત ત્રીજી વખત ચેમ્પિયનશિપ હાંસલ કરી  જ્યારે જુનિયર બહેનોમાં ઉત્તર પ્રદેશની રંજના યાદવે  પ્રથમ સ્નાન મેળવ્યું હતું.  તમામ વિભાગમાં પ્રથમ 10 ક્રમે આવેલ સ્પર્ધકોને શિલ્ડ, પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# MEHSANA- MUSEUM

મહેસાણા જિલ્લાના વડનગર ખાતે અમરથોલ નજીક 298 કરોડ રૂપિયાના ખર્ચે બનાવેલા આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમ જાહેર જનતા માટે ખુલ્લું મુકાયું છે. પ્રથમ દિવસે 460 પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. જેમના પ્રથમ 100 પ્રવાસીઓને નિઃશુલ્ક પ્રવેશ અપાયો હતો. શૈક્ષણિક હેતુસર વડનગર શહેર અને તેની આસપાસ 10 કિલોમીટરની ત્રિજ્યામાં આવતી 50થી વધુ શાળાઓના 3 હજાર વિધાર્થીઓને મ્યુઝિયમ જોવા ફીમાંથી મુકિત આપવામાં આવી છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)